### ભૂગર્ભમાં ગુફા, મૂર્તિ, દીવાલ હોવાનું IITની વિદ્યાર્થિનીના રિસર્ચમાં ખુલ્યું

# પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિર 1,400 વર્ષ કરતાં પણ પુરાતન હોવાના પુરાવા મળ્યાં

અમદાવાદ, તા.૩

બાર જ્યોર્તિલિંગમાં પ્રથમ સ્થાને બિરાજમાન દેવાધિદેવ શંકર ભગવાનના સ્વયંભૂ સોમનાથ મહાદેવ મંદિરના નાનકડા ખોદકામ દરમિયાન મંદિર પુરાતની હોવાનો વધુ એક પુરાવો મળ્યો છે. મંદિરમાં મળેલા પથ્થરો ૧૪૦૦ વર્ષ પુરાણા હોવાનું બહાર આવ્યું છે. સોમનાથ મંદિર પરિસરમાં ટ્રસ્ટ દ્વારા ખોદકામ કરાયું હતું. ભૂગર્ભમાંથી પથ્થરો નીકળતા જે તે સમયે જગ્યા પુરી દેવાઈ હતી. બાદમાં વધુ ખોદકામ કર્યા સિવાય અને આધુનિક ટેકનોલોજિના ઉપયોગથી ભૂગર્ભમાં મૂર્તિ, ગુફા, મંદિર, દીવાલ હોવાનું રિસર્ચમાં ખુલ્યું છે.

સોમનાથ મંદિર પરિસરમાં થોડા દિવસ અગાઉ ખોદકામ કરાયું હતું. ખોદકામ દરમિયાન ઐતિહાસિક વસ્તુઓ હાથ



લાગતાં એ જગ્યા પુરી દેવાઈ હતી. ટ્રસ્ટને જુદી જુદી ચાર જગ્યા પર ભૂગર્ભમાં કંઈક દટાયું હોવાનું લાગ્યું હતું. બાદમાં ત્યાં ખોદકામ કર્યા સિવાય શું દટાયેલું છે તે જાણવા માટે ગાંધીનગર આઈઆઈટીની વિદ્યાર્થિની સિલ્કી અગ્રવાલનો ટ્રસ્ટે સંપર્ક કર્યો હતો. પરિસરમાં આવેલી બુદ્ધિષ્ટ ગુફાની બાજુમાં બીજો એક રસ્તો હોઈ શકે છે. જે ગુફાને એકબીજા સાથે જોડે છે. ઉપરાંત મંદિરના મેઈન ગેટ પાસે પથ્થર, દીવાલ કે મૂર્તિ ચોક્કસપણે મળી આવી શકે છે તેમ જી.પી.આર.ની મદદથી શોધી શકાયું છે. આ વિદ્યાર્થિનીએ મંદિરના બે હજાર સ્કવેર મીટર વિસ્તારમાં ગ્રાઉન્ડ પેનિટ્રેટિંગ રડારની મદદથી ૧૪૦૦ વર્ષ જૂની દીવાલ, મૂર્તિ અને પથ્થરો હોવાનું શોધી કાઢ્યું હતું.

**Title:** In the underground, the cave, idol wall was opened in the student's research of the IIT : The first Jyotirlinga Somnath Temple is evidence of being ancient since 1400 years.

**Source:** Sandesh (Pg.no.03)

**Date:** 04/04/2018